અનુક્રમણિકા

ક્રમ	શીર્ષક	પૃષ્ઠ ક્રમાંક
૧.	પ્રસ્તાવના	૧
૨.	સમસ્યાકથન	૨
૩.	પદોની વ્યાખ્યા	૨
૪.	અભ્યાસના હેતુઓ	૩
૫.	અભ્યાસના પ્રશ્નો	૪
૬.	અભ્યાસનું મહત્ત્વ	૪
૭.	અભ્યાસનું સીમાંકન	૫
૮.	અભ્યાસ પદ્ધતિ	૫
૯.	વ્યાપવિશ્વ તથા નમૂના પસંદગી	૬
૧૦.	અભ્યાસના ઉપકરણો	૬
૧૧.	માહિતી પૃથક્કરણની રીત	૭
૧૨.	અભ્યાસના તારણો	૮
૧૩.	શૈક્ષણિક સૂચિતાર્થો	૧૫
●	સંદર્ભસૂચિ	૧૬

૧. પ્રસ્તાવના

શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ છે. શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન અંતર્ગત વિદ્યાર્થીની અભિયોગ્યતા, વલણ, રસ, બુદ્ધિ, સર્જનાત્મકતા, સ્મૃતિ, અનુકૂલન, શીખવાની પ્રક્રિયા, પ્રેરણા, માનસિક પરિસ્થિતિ, માર્ગદર્શન વગેરે બાબતો સંકળાયેલ છે. જેમાંથી વિદ્યાર્થીના અભ્યાસકાળમાં 'પ્રેરણા' વિશેષ મહત્ત્વ ધરાવે છે.

પ્રેરણા એ તો ખૂબ જરૂરી એવી પ્રાથમિક ક્રિયાવિધિ છે. **ટ્રાવર્સ**(૧૯૭૦) પ્રેરણાને એવી આંતરિક અવિરામની સ્થિતિ તરીકે ઓળખાવે છે, જે જીવનને પ્રવૃત્તિ તરફ દોરે છે. તે વ્યક્તિમાં પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે અને લક્ષ્યપૂર્તિ ન થાય ત્યાં સુધી પ્રવૃત્તિ જારી રાખવામાં મદદ કરે છે.

માર્શલ પ્રેરણા વિશે જણાવે છે કે -

"પ્રેરણા એ નક્કી કરે છે કે વ્યક્તિ કેટલી સારી રીતે શીખી શકે છે અને કયાં સુધી શીખી શકે છે."

અધ્યયન એટલે વ્યક્તિના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાની પ્રક્રિયા. પ્રેરણા એટલે વ્યક્તિની ભીતરમાં રહેલું એક તત્ત્વ જે તેને વર્તન કરવા પ્રેરે છે. આમ, અધ્યયન અને પ્રેરણા બંને વ્યક્તિના 'વર્તન' સાથે સંકળાયેલ છે. એટલે કે, અધ્યયન અને પ્રેરણા વચ્ચે સંબંધ સ્પષ્ટ છે. Richmond (1977) ના અભ્યાસ મુજબ - 'પ્રેરિત કરો અને અધ્યયનની અસરકારકતા વધારો.' વિદ્યાર્થીજીવનમાં ચોક્કસ ધ્યેય હોય છે અને વિદ્યાર્થીને મળતી પ્રેરણા તેને ધ્યેયપ્રાપ્તિ તરફ દોરી જાય છે. આ ધ્યેયપ્રાપ્તિમાં વિદ્યાર્થીના સતત પ્રયત્નશીલ રહેવા પાછળ શાળાના આચાર્ય, શિક્ષકો, શાળાનું વાતાવરણ, ઇતર પ્રવૃત્તિઓ, પરિવારજનો, સમાજ, સંસ્કૃતિ તેમજ રાજ્યવ્યવસ્થા તરફથી મળતી પ્રેરણા અગત્યનું સ્થાન ધરાવે છે.

વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસમાં શિક્ષકની ભૂમિકા મહત્ત્વની છે. વિદ્યા અને વિદ્યાર્થીને જોડતી કડી શિક્ષક છે. શિક્ષક એટલે આપણને આપણી જ સાથે ઓળખાણ કરાવનાર એવી દિવ્ય આંખોનો માલિક જે અંતર સુધી જોઇ, ન દેખાતી આવડતને જગત સુધી પહોંચાડે છે. વિદ્યાર્થીના અભ્યાસકાળ દરમિયાન ઘણા બધા શિક્ષકોનો ઘડતરમાં હિસ્સો હોય છે. તેમાનાં બધા જ યાદ રહેતા નથી; પરંતુ કેટલાંક શિક્ષકો વ્યક્તિની સ્મૃતિમાં અંકિત થઇ જાય છે. અમુક જ શા માટે? કારણ કે તેમની વર્તનતરાહ જુદી છે, તેમનું વ્યક્તિત્વ નિરાળું છે, તેમનો વિદ્યાર્થી પર કંઇક અલગ જ પ્રભાવ પડે છે, તેમની ભણાવવાની રીત અને સમજાવવાની શૈલી જ નહિ; પરંતુ ઠપકો આપવાની રીતમાં પણ નાવીન્ય તેમજ આત્મીયતા જોવા મળે છે, તેમના વિદ્યાર્થીઓ સાથેના માનવસંબંધો અલગ જ તરી આવે છે. પ્રેરણામૂર્તિ શિક્ષકોનો વિદ્યાર્થીજીવનમાં, તેમની

પ્રગતિમાં, ધ્યેયપ્રાપ્તિમાં, સફળતામાં તેમજ વર્તનમાં હકારાત્મક પરિવર્તન આણવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમૂલ્ય ફાળો હોય છે.

૨. સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ નીચે પ્રમાણેનું શીર્ષક નક્કી કર્યુ હતું.

શિક્ષણ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના પ્રેરણામૂર્તિ શિક્ષકો

૩. પદોની વ્યાખ્યા

શિક્ષણ વિદ્યાશાખા

સાર્થ ગુજરાતી જોડણીકોશ(૨૦૦૭) માં દર્શાવ્યા મુજબ -

"શિક્ષણ વિદ્યાશાખા એટલે શિક્ષણનું કે કેળવણી વિષયક કાર્ય કરતી કે તાલીમ આપતી સંસ્થા."

શિક્ષણ વિદ્યાશાખા એટલે કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની તમામ શિક્ષણ વિદ્યાશાખાઓ જેવી કે બી.એડ્., એમ.એડ્., બી.પી.એડ્. અને એમ.પી.એડ્. પૈકી પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત પ્રશિક્ષણ આપતી બી.એડ્. સંસ્થાઓ.

પ્રશિક્ષણાર્થી

શૈક્ષણિક પરિભાષા અને વિભાવના (૨૦૦૦)માં દર્શાવ્યા મુજબ -

"જ્યાં અમુક વિષયની કે વ્યવસાયની તાલીમ અપાતી હોય તે શીખવા દાખલ થયેલો વિદ્યાર્થી."

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશિક્ષણાર્થીઓ એટલે કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન બી.એડ્. કોલેજોમાં શિક્ષક બનવા માટે જરૂરી એવી બી.એડ્. ની પદવી પ્રાપ્ત કરવા શિક્ષણના વ્યવસાયનું પ્રશિક્ષણ લઇ રહેલા વર્ષઃ ૨૦૧૨-૧૩ના પ્રશિક્ષણાર્થીઓ."

પ્રેરણામૂર્તિ શિક્ષકો

ભગવદ્ગોમંડલના ભાગ છઠ્ઠા (૨૦૦૭)માં દર્શાવ્યા મુજબ -

"પ્રેરણામૂર્તિ એટલે કે પ્રેરણા આપનાર માણસ."

પ્રસ્તુત અભ્યાસમાં પ્રેરણામૂર્તિ શિક્ષકો એટલે કે પ્રશિક્ષણાર્થીઓને પોતાના વિદ્યાર્થીજીવન દરમિયાન કોઇ પણ કક્ષાએ પ્રેરણા આપનારા શિક્ષકો.

પ્રસ્તુત અભ્યાસ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન બી.એડ્. કોલેજોના પ્રશિક્ષણાર્થીઓના પ્રેરણામૂર્તિ શિક્ષકોનો અભ્યાસ નીચેનાં ઘટકોને અનુલક્ષીને હાથ ધરાયો હતો.

૧. શૈક્ષણિક તેમજ સહશૈક્ષણિક માહિતી

૨. પ્રેરણાની જરૂરિયાત

૩. શિક્ષકોનું વ્યક્તિત્વ

૪. પ્રેરણાનું આંતરિક સ્વરૂપ

૫. પ્રેરણાનું બાહ્ય સ્વરૂપ

૬. પ્રેરણામૂર્તિ બનવામાં સહાયક પરિબળો

૭. માનવસંબંધો

૮. પ્રેરકપ્રસંગો

૪. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સાથે હાથ ધરવામાં આવ્યો હતોઃ

૧. શિક્ષકની પ્રેરણા થકી જ પ્રગતિ થયેલ હોય તેવા પ્રશિક્ષણાર્થીઓ નિર્ધારિત કરવા.

૨. પ્રશિક્ષણાર્થીઓના પ્રેરણામૂર્તિ શિક્ષકોની સામાન્ય માહિતીનો અભ્યાસ કરવો.

૩. પ્રશિક્ષણાર્થીઓ અને તેમના પ્રેરણામૂર્તિ શિક્ષકોની દૃષ્ટિએ અભ્યાસકાળ દરમિયાન પ્રેરણાની જરૂરિયાત જાણવી.

૪. પ્રેરણામૂર્તિ શિક્ષકોના વ્યક્તિત્વ વિશે જાણકારી મેળવવી.

૫. પ્રેરણામૂર્તિ શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓ દ્વારા ગ્રહણ થતી આંતરિક પ્રેરણાની જાણકારી મેળવવી.

૬. પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા યોજાતી બાહ્ય પ્રેરણા માટેની પ્રયુક્તિઓની જાણકારી મેળવવી.

૭. અધ્યયન માટે અભિપ્રેરિત કરવા સંદર્ભે પ્રેરણામૂર્તિ શિક્ષકોની વર્ગખંડ વ્યૂહરચનાઓ જાણવી.

૮. પ્રેરણામૂર્તિ શિક્ષક બનવામાં સહાયક થનારા પરિબળોની ઓળખ કરવી.

૯. પ્રેરણામૂર્તિ શિક્ષકોના વિદ્યાર્થીઓ સાથેના માનવસંબંધોનો અભ્યાસ કરવો.

૧૦. પ્રશિક્ષણાર્થીઓના વર્તન-વ્યવહારમાં સકારાત્મક પરિવર્તન લાવનાર પ્રસંગો જાણવા.

૧૧. પ્રેરણામૂર્તિ શિક્ષક બનવાની મહેચ્છા ધરાવનાર માટે માર્ગદર્શિકા તૈયાર કરવી.

૫. અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય પ્રશ્નો નીચે પ્રમાણે હતાઃ

૧. શિક્ષકની પ્રેરણા થકી જ પ્રગતિ થયેલ હોય તેવા પ્રશિક્ષણાર્થીઓ કોણ છે ?

૨. પ્રેરણામૂર્તિ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત કઇ છે ?

૩. પ્રેરણામૂર્તિ શિક્ષકો કઇ કઇ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે ?

૪. પ્રશિક્ષણાર્થીઓની દૃષ્ટિએ અભ્યાસકાળ દરમિયાન પ્રેરણા શા માટે જરૂરી છે ?

૫. પ્રેરણામૂર્તિ શિક્ષકોની દૃષ્ટિએ અભ્યાસકાળ દરમિયાન પ્રેરણા શા માટે જરૂરી છે ?

૬. વિદ્યાર્થીઓને કયા-કયા તબક્કે પ્રેરણાની જરૂર પડે છે ?

૭. પ્રેરણામૂર્તિ શિક્ષકોના બાહ્ય વ્યક્તિત્વમાં કઇ-કઇ બાબતો સમાવિષ્ટ છે ?

૮. પ્રેરણામૂર્તિ શિક્ષકોના આંતરિક વ્યક્તિત્વમાં કઇ-કઇ બાબતો સમાવિષ્ટ છે ?

૯. શિક્ષકના કયા કયા પાસાંઓથી વિદ્યાર્થીઓ અંતઃસ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે ?

૧૦. વિદ્યાર્થીઓને બાહ્ય રીતે અભિપ્રેરિત કરવા માટે કઇ-કઇ પ્રયુક્તિઓ પ્રયોજવામાં આવે છે ?

૧૧. વિદ્યાર્થીઓને અધ્યયન માટે અભિપ્રેરિત કરવા શિક્ષક વર્ગખંડમાં કેવી-કેવી વ્યૂહરચનાઓ હાથ ધરતા હતા ?

૧૨. પ્રેરણામૂર્તિ શિક્ષક બનવામાં સહાયક થનારા પરિબળો કયા કયા છે ?

૧૩. પ્રેરણામૂર્તિ શિક્ષકોના વિદ્યાર્થીઓ સાથેના માનવસંબંધો કેવા પ્રકારના હતા ?

૧૪. વિદ્યાર્થીઓના વર્તન-વ્યવહારમાં સકારાત્મક પરિવર્તન લાવનાર પ્રસંગો કયા છે ?

૧૫. પ્રેરણામૂર્તિ શિક્ષક બનવાની મહેચ્છા ધરાવનાર માટે કેવા પ્રકારની માર્ગદર્શિકા હોઇ શકે ?

૬. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત અભ્યાસ નીચે પ્રમાણેનું મહત્ત્વ ધરાવે છેઃ

૧. પ્રેરણામૂર્તિ શિક્ષકોનું સાચું ચિત્ર શિક્ષણ જગત સામે સ્પષ્ટ કરી શકાશે એવું અધ્યેતા સમજે છે.

૨. અભ્યાસકાળ દરમિયાન પ્રેરણાની જરૂરિયાત અને મહત્ત્વ વિશે સ્પષ્ટતા કરી શકાશે.

૨. અધ્યયન સંદર્ભે વિદ્યાર્થીઓને અભિપ્રેરિત કરવાની પ્રેરણામૂર્તિ શિક્ષકોની પ્રયુક્તિઓ અન્ય શિક્ષકો માટે દિશાસૂચક બનશે એવું અધ્યેતા નમ્રપણે માને છે.

૩. પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી આંતરિક તેમજ બાહ્ય પ્રેરણાની પ્રયુક્તિઓની અસરકારકતાની આડકતરી રીતે તુલના કરી શકાશે એવું અધ્યેતા સમજે છે.

૪. પ્રેરણામૂર્તિ શિક્ષકોના વ્યક્તિત્વમાંથી બોધપાઠ લઇ શિક્ષકત્વને ઓપ આપી શકવાની શક્યતાઓ રહેલી છે.

૫. પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક, વ્યવસાયિક તેમજ મનોવિજ્ઞાનના ક્ષેત્રે માર્ગદર્શન અંગે આધારરૂપ થઇ શકે એવું છે.

૬. શિક્ષણક્ષેત્રમાં શૈક્ષણિક મનોવિજ્ઞાન ક્ષેત્રે રસ ધરાવતા ભવિષ્યના અધ્યેતાને પ્રસ્તુત અભ્યાસ મહ્દઅંશે માર્ગદર્શક બની શકે એમ છે.

૭. અભ્યાસનું સીમાંકન

અભ્યાસકાર્ય હાથ ધરનારે સમય, શક્તિ અને આર્થિક પરિસ્થિતિનો પણ ખ્યાલ રાખવો પડે છે. આ દૃષ્ટિએ અભ્યાસની સીમા નક્કી કરવી જરૂરી બની જાય છે.

પ્રસ્તુત અભ્યાસનું અધ્યેતાએ નીચે મુજબનું સીમાંકન કર્યું હતુંઃ

૧. પ્રસ્તુત અભ્યાસમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની શિક્ષણ વિદ્યાશાખાના શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨-૧૩ના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.

૨. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકની પ્રેરણા થકી જ પ્રગતિ થયેલ હોય તેવા પ્રશિક્ષણાર્થીઓનો કિસ્સો નિર્ધારિત કરવા માટે ઉપકરણ તરીકે ક્રમમાપદંડ, વિધાનાવલિ અને મુદ્દા આધારિત નિબંધનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૩. પ્રશિક્ષણાર્થીઓના જે શિક્ષકો દક્ષિણ ગુજરાતની શૈક્ષણિક સંસ્થામાં કાર્યરત કે નિવૃત્ત હોય તેવા જ પ્રેરણામૂર્તિ શિક્ષકોનો આ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

૮. અભ્યાસ પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં અધ્યેતાએ શિક્ષકની પ્રેરણા થકી જ પ્રગતિ થયેલ હોય તેવા પ્રશિક્ષણાર્થીઓ નિર્ધારિત કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. સર્વેક્ષણ દ્વારા મળેલ માહિતીનું વિશ્લેષણ કરી તેના આધારે નક્કી પામેલ વિશિષ્ટ નમૂનાના પાત્રોનો વ્યક્તિ અભ્યાસ ગુણાત્મક રીતે હાથ ધરાયો હતો. એટલે કે પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પ્રકારનો છે.

૯. વ્યાપવિશ્વ તથા નમૂના પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની શિક્ષણ વિદ્યાશાખા પૈકી ૩૧ બી.એડ્. કોલેજોના વર્ષ ૨૦૧૨-૧૩ના તમામ પ્રશિક્ષણાર્થીઓ અને તેમના પ્રેરણામૂર્તિ શિક્ષક પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ છે.

નમૂના પસંદગીની રીતઃ

અધ્યેતાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન બી.એડ્. કોલેજો પૈકી નમૂનામાં સંસ્થાના પ્રકાર દીઠ ૩૩% સંસ્થાઓનો સમાવેશ સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિ દ્વારા કર્યો હતો. સંસ્થાના ત્રણ પ્રકારો સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર એ મુજબ સ્તરો પાડવામાં આવ્યા હતા. જેમાંથી યાદચ્છિક રીત - લોટરી પદ્ધતિથી ૧૦ સંસ્થાની પસંદગી થઇ હતી. લોટરી માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત બી.એડ્. પ્રવેશપત્ર વર્ષઃ ૨૦૧૨-૧૩નો દસ્તાવેજી સાહિત્ય તરીકે ઉપયોગ કર્યો હતો.

નમૂનાના પાત્રો તરીકે આ સંસ્થાઓમાં પ્રશિક્ષણ લઇ રહેલાં ૭૧૨ પ્રશિક્ષણાર્થીઓ પાસે ક્રમમાપદંડમાં ક્રમાંકન કરાવવામાં આવ્યું હતું. આ ક્રમાંકનમાં શિક્ષકને પ્રેરણામૂર્તિ તરીકે ૧,૨ અથવા ૩ ક્રમાંક આપેલ હોય તેવા ૩૪૬ પ્રશિક્ષણાર્થીઓ પાસે જ બંધ વિધાનાવલિ અને મુદ્દા આધારિત નિબંધ લખાવવામાં આવ્યો હતો. આ ત્રણેય ઉપકરણોના પૃથક્કરણને અંતે અધ્યેતાએ શિક્ષકની પ્રેરણા થકી જ પ્રગતિ થયેલ હોય તેવા પ્રશિક્ષણાર્થીઓ નિર્ધારિત કર્યા હતા.

આ ગુણાત્મક પ્રકારનો અભ્યાસ છે. અહીં વિશિષ્ટ કિસ્સા (Specific Case) આધારિત નમૂના પસંદગી થઇ હતી. અંતે નમૂનામાં સમાવિષ્ટ ૭૧૨ પ્રશિક્ષણાર્થીઓમાંથી વ્યક્તિ અભ્યાસ માટે ૭ પ્રશિક્ષણાર્થી અને તેમના ૭ પ્રેરણામૂર્તિ શિક્ષકોનો સમાવેશ થયો હતો.

૧૦. અભ્યાસના ઉપકરણો

પ્રસ્તુત અભ્યાસના સર્વેક્ષણ સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓ માટે ઉપકરણ તરીકે ક્રમમાપદંડ, વિધાનાવલિ અને મુદ્દા આધારિત નિબંધનો સમાવેશ થયો હતો. જયારે સર્વેક્ષણના આ ત્રણેય ઉપકરણોના પૃથ્થકરણને અંતે અધ્યેતાએ શિક્ષકની પ્રેરણા થકી જ પ્રગતિ થયેલ હોય તેવા પ્રશિક્ષણાર્થીઓ નિર્ધારિત કર્યા હતા. પસંદ પામેલ પ્રશિક્ષણાર્થીઓના માટે વ્યક્તિ અભ્યાસ સંદર્ભે ઉપકરણ તરીકે મુદ્દા આધારિત નિબંધ, સામાન્ય

માહિતી પત્રક, તેમજ અર્ધનિયંત્રિત મુલાકાત અને તેમના પ્રેરણામૂર્તિ શિક્ષકો સંદર્ભે સામાન્ય માહિતીપત્રક તેમજ અર્ધનિયંત્રિત મુલાકાતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૧. માહિતી પૃથક્કરણની રીત

સર્વેક્ષણ માટેના ઉપકરણોની માહિતી પૃથક્કરણની રીત

(૧) ક્રમમાપદંડ

ક્રમમાપદંડમાં ૧૪ પ્રેરણાસ્રોતો અને ૧ અન્ય હોય તો જણાવો એમ કુલ ૧૫ પ્રેરણાસ્રોતોનો ઉલ્લેખ કર્યો હતો. ૧૫ પ્રેરણાસ્રોતોમાંથી સૌથી વધુ પ્રેરિત કરનાર પ્રેરણાસ્રોતોને ક્રમશઃ ૧, ૨ અને ૩ ક્રમાંક આપવાના હતા. જેમાંથી શિક્ષકને પ્રેરણાસ્રોત તરીકે ક્રમાંક ૧, ૨ અથવા ૩ આપનાર પ્રશિક્ષણાર્થીઓને અલગ તારવ્યા હતા.

(૨) વિધાનાવલિ

ક્રમમાપદંડમાં શિક્ષકને પ્રેરણાસ્રોત તરીકે ૧, ૨ અથવા ૩ ક્રમાંક આપનાર પ્રશિક્ષણાર્થીઓને જ તેમના પ્રેરણામૂર્તિ શિક્ષક સંદર્ભે વિધાનાવલિ આપવામાં આવી હતી. અધ્યેતા દ્વારા દરેક પ્રશિક્ષણાર્થીની વિધાનાવલિનું વ્યક્તિગત ગુણાંકન કરવામાં આવ્યું હતું. વિધાનાવલિ સંદર્ભે કુલ ૩૫ ગુણમાંથી ૩૧ થી ૩૫ વચ્ચે ગુણ મેળવનાર પ્રશિક્ષણાર્થીઓને અલગ તારવવામાં આવ્યા હતા.

(૩) મુદ્દા આધારિત નિબંધ

ક્રમમાપદંડમાં શિક્ષક દ્વારા અપાતી પ્રેરણાને ક્રમાંક ૧, ૨ અથવા ૩ માં સામેલ કર્યા હોય તેમજ વિધાનાવલિમાં ૩૧ થી ૩૫ વચ્ચે ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા જ પ્રશિક્ષણાર્થીઓના નિબંધની ચકાસણી કરવામાં આવી હતી. ગુણાત્મક નિબંધના આધારે વ્યક્તિ અભ્યાસનો નમૂનો પસંદ કરવાનો હોઇ સૌપ્રથમ મુદ્દા આધારિત નિબંધનું સંખ્યાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

મુદ્દા આધારિત નિબંધની ચકાસણી બે તબક્કામાં કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં અધ્યેતા તેમજ અન્ય એક તજ્જ્ઞ નિર્ણાયક પાસે કરાવવામાં આવી હતી. નિર્ણાયકોના કુલ ગુણો પરથી જે પ્રશિક્ષણાર્થીઓએ મુદ્દા આધારિત નિબંધમાં ૬૦થી વધુ ટકા મેળવ્યા હોય તેમના નિબંધને અલગ તારવવામાં આવ્યા હતા. બીજા તબક્કામાં અલગ તારવેલા પ્રશિક્ષણાર્થીઓના નિબંધોને અન્ય ત્રણ તજ્જ્ઞોને આપવામાં આવ્યા હતા. ત્રણેય તજ્જ્ઞોના કુલ ગુણો પરથી જે પ્રશિક્ષણાર્થીઓએ મુદ્દા આધારિત નિબંધમાં ૬૦થી વધુ ટકા મેળવ્યા હોય તેવા પ્રશિક્ષણાર્થીઓને અંતે વ્યક્તિ અભ્યાસમાં સામેલ કરવામાં આવ્યા હતા.

વ્યક્તિ અભ્યાસ માટેના ઉપકરણોની માહિતી પૃથક્કરણની રીત

વ્યક્તિ અભ્યાસ માટે પસંદ કરેલા પ્રશિક્ષણાર્થીઓએ લખેલ મુદ્દા આધારિત નિબંધ અને પ્રશિક્ષણાર્થીઓ તેમજ તેમના પ્રેરણામૂર્તિ શિક્ષકો સાથે આયોજિત અર્ધનિયંત્રિત મુલાકાત અને સામાન્ય માહિતીપત્રક દ્વારા પ્રાપ્ત થયેલ ગુણાત્મક માહિતીનું વિષયવસ્તુ પૃથક્કરણ તેમજ તાર્કિક આગમનાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

૧૨. અભ્યાસના તારણો

(૧) પ્રશિક્ષણાર્થીઓ અને તેમના પ્રેરણામૂર્તિ શિક્ષકો

સારણી ૧

પ્રશિક્ષણાર્થીઓ અને તેમના પ્રેરણામૂર્તિ શિક્ષકોના નામો

કિસ્સો	પ્રશિક્ષણાર્થીઓ	પ્રેરણામૂર્તિ શિક્ષકો
૧	રેશ્મા નટવરભાઇ પટેલ	ડૉ. જશુભાઇ ગુમાનભાઇ પટેલ
૨	હેમાક્ષી હસમુખભાઇ પટેલ	હેમાબેન ડી. દવે
૩	રોશની મધુસૂદન પંચોલી	ડૉ. ફાલ્ગુનીબેન નવનીતભાઇ પટેલ
૪	ચેતનાગૌરી યતિશભાઇ પટેલ	પુષ્પાબેન કનુભાઇ પટેલ
૫	હેમંત ખંડુભાઇ હળપતિ	ડૉ. પ્રકાશભાઇ મનુભાઇ પટેલ
૬	રીજવાન મહંમદહનીફ કડવા	રમેશભાઇ માધવસિંહ સોલંકી
૭	પૂજા પ્રવીણચંદ્ર પટેલ	કાન્તાબેન જયેશભાઇ પટેલ

(૨) પ્રેરણામૂર્તિ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત

સારણી ૨

પ્રેરણામૂર્તિ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત

કિસ્સો	પ્રેરણામૂર્તિ શિક્ષકનું નામ	શૈક્ષણિક લાયકાત
૧	ડૉ. જશુભાઇ ગુમાનભાઇ પટેલ	M.A. (ગુજરાતી), B.Ed.,M.Phil.,Ph.D.
૨	હેમાબેન ડી. દવે	M.A. (ગુજરાતી)
૩	ડૉ. ફાલ્ગુનીબેન નવનીતભાઇ પટેલ	M.Sc. (રસાયણશાસ્ત્ર),B.Ed.,M.Phil.,Ph.D.
૪	પુષ્પાબેન કનુભાઇ પટેલ	M.A. (ગુજરાતી), B.Ed.,Ph.D.(In Progress)
૫	ડૉ. પ્રકાશભાઇ મનુભાઇ પટેલ	M.A. (સંસ્કૃત), B.Ed.,Ph.D
૬	રમેશભાઇ માધવસિંહ સોલંકી	P.T.C.
૭	કાન્તાબેન જયેશભાઇ પટેલ	M.A. (હિન્દી), B.Ed.

સારણી-૨ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રેરણામૂર્તિ શિક્ષકોમાં પાંચ ભાષામાં તથા એક વિજ્ઞાન વિદ્યાશાખામાં અનુસ્નાતક, પાંચ બી.એડ્. , ત્રણ પીએચ.ડી., બે એમ.ફીલ. તેમજ એક પી.ટી.સી.ની શૈક્ષણિક લાયકાતો ધરાવતા હતા.

(૩) પ્રેરણામૂર્તિ શિક્ષકોની સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ

- **સાંસ્કૃતિક પ્રવૃત્તિઓઃ** રાસ - ગરબા, કાવ્યપઠન, સંગીત, નૃત્ય, નાટક, હારમોનિયમ-તબલાવાદન
- **બૌદ્ધિક પ્રવૃત્તિઓઃ** કાવ્યલેખન, વકતૃત્વ સ્પર્ધા, કાર્યક્રમનું સંચાલન
- **સામાજિક પ્રવૃત્તિઓઃ** પ્રવાસ, સામાજિક સંસ્થાઓની મુલાકાત, ચૂંટણીપ્રક્રિયા
- **સેવાકાલીન તાલીમઃ** ઓરીએન્ટેશન પ્રોગ્રામ, રિફ્રેશર કોર્સ, કર્મયોગી તાલીમ
- **અન્યઃ** રમતગમત ક્ષેત્ર

(૪) અભ્યાસકાળ દરમિયાન પ્રેરણાની જરૂરિયાત

- **પ્રશિક્ષણાર્થીઓની દૃષ્ટિએ પ્રેરણાની જરૂરિયાત**

શિક્ષકના દિશાસૂચનથી અભ્યાસ સંબંધિત ક્ષેત્રોમાં આગળ વધી પ્રગતિ સાધી વિકાસના પંથે જવા, કોઈપણ સમસ્યાનું સમાધાન મેળવવા, સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા, શારીરિક, માનસિક, સાંવેગિક, નૈતિક અને શૈક્ષણિક વિકાસ માટે પ્રેરણાની જરૂર રહે છે. વાલી કરતાં શિક્ષક સાથે નિઃસંકોચપણે વાત કરી શકાય છે.

- **પ્રેરણામૂર્તિ શિક્ષકોની દૃષ્ટિએ પ્રેરણાની જરૂરિયાત**

અભ્યાસકાળ દરમિયાન વિદ્યાર્થીઓની સમસ્યા કે મૂંઝવણનું નિવારણ લાવવામાં, લક્ષ્યની પસંદગી માટે, સ્વયંની ક્ષમતાઓથી પરિચિત કરાવવા, ડર દૂર કરી આત્મવિશ્વાસ વધારવામાં શિક્ષકની ભૂમિકા માર્ગદર્શક અને મિત્રની હોય છે.

વિદ્યાર્થીજીવનમાં ખાસ કરીને તરુણાવસ્થા દરમિયાન થતા શારીરિક, માનસિક, સાંવેગિક અને જાતીય ફેરફાર સંબંધી સમસ્યાઓના ઉકેલ માટે તેમજ મિત્રોની પસંદગી સંદર્ભે પ્રેરણાની જરૂર પડે છે. શિક્ષણ સંબંધી બાબતોમાં એડ્‌મીશન, વિષય પસંદગી, અભ્યાસક્રમ, પુસ્તક અને સંદર્ભગ્રંથો, સ્વઅધ્યયન, પરીક્ષા વખતે તૈયારી તેમજ વાચન વખતે, કાર્યક્રમ, સ્પર્ધા તેમજ રમતગમતમાં ભાગ લેવા માટે માર્ગદર્શન પૂરું પાડવા સંદર્ભે શિક્ષકની પ્રેરણાની જરૂર પડે છે.

(૫) પ્રેરણામૂર્તિ શિક્ષકોનું બાહ્ય વ્યક્તિત્વ

પ્રેરણામૂર્તિ શિક્ષકોના બાહ્ય વ્યક્તિત્વમાં વર્ણ, દેખાવ તેમજ બાંધો મધ્યમ હોવા છતાં તંદુરસ્ત, પ્રભાવશાળી તેમજ શિક્ષકને શોભે તેવો સાદો પહેરવેશ જોવા મળ્યો હતો.

(૬) પ્રેરણામૂર્તિ શિક્ષકોનું આંતરિક વ્યક્તિત્વ

- **પ્રકૃત્તિઃ** આશાવાદી, કલાપ્રેમી, સામાજિક, સૈદ્ધાંતિક, ધાર્મિક, પ્રભાવશાળી
- **ગુણોઃ** પ્રેરણામૂર્તિ શિક્ષકો મુક્તપણે, પ્રેમપૂર્વક, પ્રભાવશાળી તેમજ જીવન સાથે અનુબંધિત શિક્ષણકાર્ય કરાવતા હતા. શિક્ષકોની ભૂમિકા મિત્ર, મદદકર્તા, માર્ગદર્શક, સમસ્યાનું નિરાકરણ લાવનાર તેમજ

અંગત જીવન અને વ્યવસાયિક જીવનને અલગ રાખવા સંદર્ભમાં હતી. શિક્ષકો કર્તવ્યનિષ્ઠા, દયાવાન, સિદ્ધાંતવાદી તેમજ પ્રમાણિકતા જેવા ગુણો ધરાવતા હતા.

- **સ્વભાવ:** પ્રેરણામૂર્તિ શિક્ષકોનો સ્વભાવ હસમુખો, મળતાવડો, પ્રેમાળ, શાંત તેમજ જુસ્સાભેર હતો.
- **જ્ઞાન:** પ્રેરણામૂર્તિ શિક્ષકો પોતાના શિક્ષણકાર્યના વિષયો ઉપરાંત સાહિત્ય, રમતગમત તેમજ ધાર્મિક ક્ષેત્રોનું જ્ઞાન ધરાવતા હતા.
- **રસ:** પ્રેરણામૂર્તિ શિક્ષકોના શિક્ષણસંબંધી રસોમાં શિક્ષણકાર્ય, ગુજરાતી સાહિત્ય, વાચન-લેખનનો સમાવેશ થતો હતો. અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં સાંસ્કૃતિક, રમતગમત, પ્રવાસ પર્યટન, પુસ્તકવાચનનો સમાવેશ થતો હતો.
- **શિક્ષણના વ્યવસાય સંબંધી ટેવો:** પ્રેરણામૂર્તિ શિક્ષકોની શિક્ષણકાર્ય સંબંધી ટેવોમાં ઉદાહરણ આપીને સમજાવવું, વિષયવસ્તુની તૈયારી, પદ્ધતિસરનું શિક્ષણકાર્ય, જીવન સાથેનો અનુબંધ તથા વર્તનવ્યવહાર સંબંધી ટેવોમાં મિલનસારવૃત્તિ, નિયમિતતા તથા અંગત અને વ્યવસાયિક જીવન અલગ હોવુંનો સમાવેશ થતો હતો.
- **ક્ષમતા:** પ્રેરણામૂર્તિ શિક્ષકો પ્રભાવશાળી અસરકારક શિક્ષણકાર્ય કરાવનાર, વ્યાવસાયિક સજ્જતા તેમજ વાક્ચાતુર્યતા જેવી ક્ષમતાઓ ધરાવતા હતા.
- **અણગમો:** પ્રેરણામૂર્તિ શિક્ષકોને વિદ્યાર્થીઓ ભૂલો સંદર્ભે બહાના બનાવે અને સાચી વિગતો છુપાવે તેનાથી વિશેષ અણગમો હતો.
- **કૌશલ્યો:** પ્રેરણામૂર્તિ શિક્ષકો કાવ્યપઠન, કાર્યક્રમનું સંચાલન, રમતગમત તેમજ ઉદાહરણ કૌશલ્ય ધરાવતા હતા.
- **વર્તનવ્યવહાર:** પ્રેરણામૂર્તિ શિક્ષકોનો આચાર્ય, સાથીમિત્રો અને શિક્ષકેત્તર કર્મચારીઓ સાથે સામાન્ય અને હળીમળીને રહેવાનો વર્તનવ્યવહાર હતો. વિદ્યાર્થીઓ સાથે સ્વમાનભેર, હસમુખો, વિદ્યાર્થીઓની સમસ્યાઓને સાંભળવી અને સમજવી તેમજ સમભાવપૂર્વકનો વર્તનવ્યવહાર હતો.

(૭) પ્રેરિત કરવાની પ્રયુક્તિઓ

આંતરિક પ્રેરણા:

પ્રેરણામૂર્તિ શિક્ષકોના વિચાર, વાણી અને મુખ્યત્વે વર્તનવ્યવહારથી વિદ્યાર્થીઓ આંતરિક રીતે પ્રેરાયા હતા. તેમનામાં રહેલ સમયબદ્ધતા, વ્યાવસાયિકનિષ્ઠા, પ્રભાવશાળી અધ્યાપનકાર્ય, મદદવૃત્તિ, જરૂરી સલાહ-

સૂચનો, કોઇની લાગણીને ઠેસ ન પહોંચે તેવો વર્તનવ્યવહાર, હળીમળીને રહેવાની બાબતો વિદ્યાર્થીઓએ પોતાનામાં આત્મસાત્ કરી હતી.

બાહ્ય પ્રેરણા

વિદ્યાર્થીઓને પ્રેરણામૂર્તિ શિક્ષકો સાથેના વાર્તાલાપો, પ્રેરણાત્મક વિધાનો, પ્રેરકપ્રસંગો, ઉદાહરણો માંથી બાહ્ય રીતે પ્રેરણા મળતી જોવા મળી હતી.

- **પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા રજૂ થતા ઉદાહરણો**: પોતાના પરિવારનું, અગાઉના વર્ષોના વિદ્યાર્થીઓના, પોતાના શિક્ષકોના, કવિ, સાહિત્યકારો, વૈજ્ઞાનિકોના જીવનકવનો, સ્વામી વિવેકાનંદ તેમજ ગાંધીજી.
- **પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા વાચન માટે આગ્રહ કરાતા પુસ્તકો:** અભ્યાસક્રમમાં આવતા પુસ્તકો અને તેને સંબંધિત સંદર્ભગ્રંથો, પ્રેરણાનું ઝરણું, ધાર્મિકગ્રંથો, સફળતાને લગતાં પુસ્તકો.
- **પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા જોવા માટે આગ્રહ કરાતા ચલચિત્રો:** તારે જમીં પર, 3 idiots, સાહિત્ય અને ઇતિહાસને લગતા ચલચિત્રો.
- **પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતા સુદૃઢકો:**

  શાબ્દિક સુદૃઢકો: બરાબર, સરસ, ખૂબસરસ, Very good, Excellent

  અશાબ્દિક સુદૃઢકો: સ્મિત, આંખનો પલકારો, ડોકુ હલાવવું, ચહેરા પરના હાવભાવ

  નકારાત્મક સુદૃઢકો: લખવાની સજા, ભૂલ થાય ત્યારે ટકોર કરવી, નજરઅંદાજ કરવું.

- **પ્રયુક્તિઓ:** પ્રોત્સાહન આપવું, બધાની વચ્ચે વખાણ કરવા, ઉત્સાહ વધારવો, શાબાશી આપવી, સ્ટેજ પર બોલાવી સન્માન કરવું, હૂંફ આપવી, ચોકલેટ, બોલપેન અને પુસ્તકો જેવા ઇનામો આપવા.
- **પ્રેરણામૂર્તિ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને તેમની ક્ષમતાનો પરિચય કરાવવો:**

  વિદ્યાર્થીઓને ક્ષમતા પરિચય કરાવવા તેમની સુષુપ્ત શક્તિઓની ખીલવણી સંદર્ભે પ્રયાસો, માર્ગદર્શન આપવું, ટકોર કરવી, વ્યક્તિગત ધ્યાન આપવું, કાર્યસોંપણી અને પ્રશંસા, ડર દૂર કરી આત્મવિશ્વાસ વધારવો, પ્રોત્સાહન આપવું અને વિદ્યાર્થીમાં શ્રદ્ધા રાખવીનો સમાવેશ થતો હતો.

(૮) પ્રેરણામૂર્તિ શિક્ષકોની વર્ગખંડ વ્યૂહરચના

- **અધ્યાપનશૈલીઃ**

પ્રેરણામૂર્તિ શિક્ષકો સરળ શબ્દોમાં સમજૂતી આપે, સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરે, વાચન, લેખન, શ્રવણ, પઠન કૌશલ્યનો ઉપયોગ, જીવન સાથે અનુબંધિત, ઉદાહરણ આપવા, પરંપરાગત પદ્ધતિથી શિક્ષણકાર્ય, ચાર્ટ, ચિત્ર અને પ્રોજેક્ટર દ્વારા શિક્ષણકાર્ય કરાવતા હતા. હોશિયાર વિદ્યાર્થીઓને વિશેષ કાર્યસોંપણી, મધ્યમને પ્રોત્સાહન અને નબળાને વ્યક્તિગત ધ્યાન આપવાની વ્યૂહરચના અજમાવતા જણાયા હતા.

- **પ્રેરણાત્મક વાતાવરણઃ**

પ્રેરણામૂર્તિ શિક્ષકોના તાસનું વાતાવરણ ઉત્સાહી, મજાનું, હાસ્યમય, પ્રોત્સાહક, આત્મીયતાપૂર્ણ બની જતું હતું. પ્રેરણામૂર્તિ શિક્ષકો સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, પ્રવાસ, રમતગમત, કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વધુ ચર્ચાઓ કરી શકતા અને એકબીજાને સારી રીતે જાણી શકતા હતા.

- **સ્વઅધ્યયનઃ**

પ્રેરણામૂર્તિ શિક્ષકો વિદ્યાર્થીઓ સ્વઅધ્યયન કરે તે માટે પુસ્તકો અને સંદર્ભગ્રંથોની માહિતી પૂરી પાડતા, સ્વાધ્યાય આપતા તેમજ વાચનનો આગ્રહ રાખતા હતા.

- **સારું પરિણામ લાવવાઃ**

પ્રેરણામૂર્તિ શિક્ષકો વિદ્યાર્થીઓ સારું પરિણામ લાવે તે માટે આયોજન મુજબ તૈયારી કરવી, સમજણપૂર્વકનું વાચન, રોજનું વાચન, એકમ મુજબ તૈયારી, પોતાનું મટીરીયલ બનાવવું, પરીક્ષા લેવી, બધા જ વિષયને ન્યાય આપવો તેવા સૂચનો કરતા હતા.

- **ઉચ્ચ અભ્યાસઃ**

પ્રેરણામૂર્તિ શિક્ષકો વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે કયો પ્રવાહ પસંદ કરવો, અનુસ્નાતક પદવી તેમજ બી.એડ્. કરવા સંદર્ભે શાબ્દિક માર્ગદર્શન આપતા હતા.

- **પરિવર્તનનો અવકાશઃ**

પ્રેરણામૂર્તિ શિક્ષકો સમય બદલાતા વર્તમાનમાં અધ્યાપનશૈલી, સ્વયંમાં અને વર્તનવ્યવહારમાં પરિવર્તન લાવવું એમ જણાવતા હતા.

(૯) પ્રેરણામૂર્તિ શિક્ષક બનવા પાછળના સહાયક પરિબળો

પ્રેરણામૂર્તિ શિક્ષક બનવા પાછળના સહાયક પરિબળોમાં માતા-પિતાને શિક્ષક બનાવવાની ઇચ્છાને પ્રાધાન્ય આપી આ ક્ષેત્રમાં આવવું તેમજ પહેલેથી જ શિક્ષક બનવામાં રસ હોવું જવાબદાર હતા. આ ઉપરાંત સ્વયં આંતરિક રીતે પ્રેરાવું તેમજ પોતાના જીવનમાં આવનાર શિક્ષકોનો પણ ફાળો હતો. પ્રેરણામૂર્તિ શિક્ષકોના શિક્ષકોનું વિષયવસ્તુ પરની પકડ, અધ્યાપનશૈલી, ગુણો તેમજ આંતરિક રીતે જ તેમના વર્તનવ્યવહારમાંથી મળતી પ્રેરણા સહાયક પરિબળો રહ્યા હતા. પ્રેરણામૂર્તિ શિક્ષકો વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા બાદ તેમનામાં આવેલા સકારાત્મક પરિવર્તન અને પ્રગતિ તેમના ઉત્સાહમાં વધારો કરતો હતો.

(૧૦) પ્રેરણામૂર્તિ શિક્ષકોનો વિદ્યાર્થી સાથેના માનવસંબંધો

પ્રેરણામૂર્તિ શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથે મા-દીકરી, પિતા-પુત્ર, પિતા-પુત્રી, મિત્ર અને માર્ગદર્શક જેવો સંબંધ હતો. બંને વચ્ચે લાગણીમય, આત્મીયતા, પારિવારિક, શૈક્ષણિક મદદની ભાવના અને પરસ્પર સન્માનનો ભાવાત્મક સંબંધ હતો. પ્રશિક્ષણાર્થીઓની પ્રગતિથી પ્રેરણામૂર્તિ શિક્ષકો આનંદ વ્યક્ત કરતા અને ગર્વ અનુભવતા જણાયા હતા. તેઓ હજી પણ પ્રગતિ કરે તેવી શુભકામના પણ પાઠવતા હતા.

(૧૧) પ્રશિક્ષણાર્થીઓના તેમના પ્રેરણામૂર્તિ શિક્ષક સાથેના પ્રેરકપ્રસંગો

સારણી ૩

પ્રશિક્ષણાર્થીઓના તેમના પ્રેરણામૂર્તિ શિક્ષકો સાથેના પ્રેરકપ્રસંગો

કિસ્સો	પ્રેરકપ્રસંગોના શીર્ષકો
૧	બેટા, હું જ તારો પિતા
૨	હિંમત મળી આંખના ઇશારાથી
૩	ટર્નિંગ પોઇન્ટ
૪	પૂર્ણ કરીએ પિતાનું સ્વપ્ન
૫	મીઠી ટકોરથી પ્રગતિના પંથે
૬	ઓ દીકરા, આળસ ખંખેર
૭	તારી મારી છબી સરખી

(૧૨) પ્રેરણામૂર્તિ શિક્ષક બનવા માટેની માર્ગદર્શિકાઃ

પ્રેરણામૂર્તિ શિક્ષક બનવાની મહેચ્છા ધરાવનારે વિદ્યાર્થીઓને સમભાવે જોવા, પ્રેમથી સમજાવવું, મિત્રભાવ રાખવો, તેમની સમસ્યા શાંતિથી સાંભળવી અને દૂર કરવી એમ વિદ્યાર્થીકેન્દ્રી વિચારસરણી હોવી જોઇએ. શિક્ષકો વિષયવસ્તુની પૂરતી તૈયારી કરે, વિષયવસ્તુને પૂરતો ન્યાય આપવો, પ્રભાવશાળી શિક્ષણકાર્ય હોવું, જાહેરમાં કોઇનું પણ અપમાન કરવું નહિ, કર્તવ્યનિષ્ઠા, શિક્ષક બનવાની આંતરિક ઇચ્છા અને કાર્યસંતોષ હોવો જોઇએ.

૧૩. શૈક્ષણિક સૂચિતાર્થો

વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિકાસ માટે શિક્ષકે વિદ્યાર્થીઓની જરૂરિયાત પ્રમાણે પ્રેરણા આપવી ખૂબ જ જરૂરી છે. તે સંબંધિત પ્રસ્તુત અભ્યાસના શૈક્ષણિક સૂચિતાર્થો આ પ્રમાણે છેઃ

૧. શિક્ષકોને પુસ્તકવાચનમાં રસ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે.
૨. શિક્ષકોના બાહ્ય વ્યક્તિત્વના સ્થાને આંતરિક વ્યક્તિત્વ પ્રભાવશાળી હોવું જોઇએ.
૩. વિદ્યાર્થીઓને આંતરિક રીતે પ્રેરિત કરવા માટે શિક્ષકોના વિચાર, વાણી અને વર્તનમાં એકરાગીતા હોવી જોઇએ.
૪. પ્રેરિત કરનાર શિક્ષકની વિચારસરણી વિદ્યાર્થીકેન્દ્રી હોવી જોઇએ.
૫. જો શિક્ષકોનું શિક્ષણકાર્ય પ્રભાવશાળી હોય તો તેમનાથી વિદ્યાર્થી તુરંત અભિપ્રેરિત થઇ જાય છે.
૬. શિક્ષકોએ વિદ્યાર્થીઓની સમસ્યાઓને સાંભળી તેનું નિરાકરણ લાવવું જોઇએ.
૭. શિક્ષકોનો વિદ્યાર્થીઓ સાથે લાગણીમય, પારિવારિક અને પરસ્પર સન્માનનો ભાવાત્મક સંબંધ હોવો જોઇએ.

સંદર્ભસૂચિ

Best, J. W. (1986). ***Research in Education***. (5th Ed.). New Delhi: Prentice- Hall of India Pvt. Ltd.

Richmond, V. P. (1990). ***Communication in the Classroom: power and motivation*** in communication Education, 39, 1990. Retrieved on 25th July 2011 from http://www.as.wvu.edu/~richmond/articles/commed- comm.pdf .

ઉચાટ, ડી. એ. (૨૦૦૪). **માહિતી પર સંશોધન વ્યવહારો**. (પ્રથમ આવૃત્તિ). રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી. એ.(૨૦૧૨). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.*** રાજકોટઃ પારસ પ્રકાશન.

દેસાઇ, કે. જી. અને અન્ય. (૨૦૦૦). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

દેસાઇ, એચ. જી. અને દેસાઇ, કે. જી. (૧૯૯૭). ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.*** (છઠ્ઠી આવૃત્તિ). અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

પારેખ, બી. યુ. અને ત્રિવેદી, એમ. ડી. (૨૦૧૦). ***શિક્ષણમાં આંકડાશાસ્ત્ર.*** (પાંચમી આવૃત્તિ). અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

ભગવતસિંહજી (૨૦૦૭).***ભગવદ્ગોમંડલ (ભાગ છઠ્ઠો).*** રાજકોટ : પ્રવીણ પ્રકાશન.

ભાવસાર, એમ. એ. (૨૦૦૭). ***સાર્થ ગુજરાતી જોડણીકોશ.*** (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : નવભારત સાહિત્યમંદિર પ્રકાશન.

શાહ, જી. બી. (૧૯૯૭). ***શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અધ્યયન મીમાંસા.*** (તૃતીય આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શાહ, ડી. બી. (૨૦૦૯). ***શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન).*** અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.